૦૬/૧૦/૨૦૨૦

# સોયાબીન પાકમાં ખેડુત દિનની ઉજવણી

---

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલીયા ફાર્મ, દાહોદ દ્વારા તારીખ ૦૬.૧૦.૨૦૨૦ના રોજ મોટી હાંડી (તા. ઝાલોદ) ગામ મુકામે **કલસ્ટર પ્રથમ હરોળ નિદર્શન હેઠળ સોયાબીન (એનઆરસી ૩૭)** પાકમાં **"ખેડુત દિન"**ની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમની શરૂઆત કેન્દ્રના વડા ડૉ. એ. સી. વૈધના પ્રાસોંગીક ઉદ્દબોધન દ્વારા કરવામાં આવેલ જેમા તેઓએ ખેડુત દિનના મહત્વ તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, દાહોદના ઉદ્દેશો ખેડુતોને સમજાવેલ. ત્યારબાદ શ્રી. એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન)એ સોયાબીનની જાત એનઆરસી ૩૭ ની લાક્ષણિકતા, સોયાબીનની અન્ય જાતો તેમજ અન્ય ધાન્ય પાકો સાથે તેની સરખાવી તેની અગત્યતા વિશે જાણકારી આપવામાં આવેલ. કાર્યક્રમમાં સોયાબીન પાકોના મુલ્યવર્ધન તેમજ પોષણક્ષમ આહારમાં સોયાબીન તેમજ શાકભાજી પાકોના મહત્વ વિશે ડૉ. એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત)એ જણાવેલ. ત્યારબાદ શ્રી. જી. કે. ભાભોર વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ)એ સોયાબીન પાકનો સમસ્તરીય ફેલાવો વિશે અંગે ખેડુતભાઈઓ અને મહીલા ખેડુતોને માહિતગાર કરવામાં આવેલ. કાર્યક્રમના અંતે ડૉ. રાધા રાની, વૈજ્ઞાનિક (પશુપાલન)એ ખેતી સાથે સંકળાયેલ પશુપાલનના વ્યવસાયોના મહત્વ વિશે સમજ આપેલ. આ કાર્યક્રમ દરમિયાન ખેડુતભાઈ અને મહીલા ખેડુતોએ નિદર્શિત ખેતર રૂબરૂ જોઈ, બીન નિદર્શિત ખેડુતોમાં સોયાબીનની જાત એનઆરસી ૩૭ પ્રત્યે ઘણો ઉત્સાહ અને હકારાત્મક વલણ જોવા મળેલ. આ કાર્યક્રમમાં કોવિડ-૧૯ સામે રક્ષણ માટે સરકારશ્રી દ્વારા જણાવેલ માપદંડોનું પુરેપુરુ પાલન કરી કુલ ૭૧ ખેડુતભાઈ અને મહીલા ખેડુતોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.



ડૉ. એ. સી. વૈદ્યનું ઉદ્દબોધન



શ્રી. એન. ડી. મકવાણાનું ઉદ્દબોધન

૦૬/૧૦/૨૦૨૦



ડૉ. એચ. એલ. કાચાનું ઉદ્દબોધન



શ્રી. જી. કે. ભાભોરનું ઉદ્દબોધન



ડૉ. રાધા રાનીનું ઉદ્દબોધન



સોયાબીન પાકમાં **ખેડુત દિનની** ઉજવણી